સક્ષમ ૨૦૨૪-૨૫

અમદાવાદ ખાતે ૧૪થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ગ્રીન અને ક્લીન એનર્જી માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૫

સક્ષમ (સંરક્ષણ ક્ષમતા મહોત્સવ) એ મિનિસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ નેચલર ગેસના માર્ગદર્શન હેઠળ તેલ અને ગેસ જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા સંચાલિત રાષ્ટ્રવ્યાપી ઈંધણ સંરક્ષણ પહેલ છે. ૧૯૯૧ થી, આ જાગૃતિ અભિયાન નાગરિકોને ઈંધણ કાર્યક્ષમતા, પર્યાવરણીય સંરક્ષણ અને ભારતની ઉર્જા સુરક્ષા વિશે શિક્ષિત કરે છે. આ વર્ષે, આ ઝુંબેશ ફ્રૂડ ઓઈલ પર નિર્ભરતા ઘટાડવા અને ટકાઉ ઉર્જા ઉકેલોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૧૪ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ચાલનારા આ પખવાડિયાના અભિયાનનો ઉદ્દેશ્ય બળતણ કાર્યક્ષમતા, પર્યાવરણીય ટકાઉપણું અને ભારતની ઊર્જા સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે.આ ઉદ્ઘાટન સમારોહ WIRC ની અમદાવાદ શાખાના ICAI ભવન ખાતે યોજાયો હતો, જેમાં ગુજરાતના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઓઈલ ગેસ માર્કેટિંગ પીએસયુના મુખ્ય મહાનુભાવોની હાજરી જોવા મળી હતી, જેમાં શ્રી સંજીબ કુમાર બેહેરા, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સ્ટેટ હેડ, ગુજરાત, આઈઓસીએલ; શ્રી શુભેન્દુ મોહંતી, ચીફ જનરલ મેનેજર-રિટેલ અને ઝોનલ હેડ, એચપીસીએલ, શ્રી અનંત ખોબરાગડે, ઝોનલ જનરલ મેનેજર / ઓઆઈસી, જીએઆઈએલ ; શ્રી સુમિત મોહન, જનરલ મેનેજર (I&C), ગુજરાત, બીપીએસીએલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. સક્ષમ ૨૦૨૪-૨૫ માં અનેક પહેલોનો સમાવેશ થાય છે, જેમાં અનેક શહેરો અને જિલ્લાઓમાં સક્ષમ સાયક્લોથોન અને વોકેથોન, ટીવી, રેડિયો અને અખબારો દ્વારા વ્યાપક જનજાગૃતિ ઝુંબેશ અને વિદ્યાર્થીઓ, ખેડૂતો, ડ્રાઈવરો અને રહેણાંક સમુદાયોને લક્ષ્ય બનાવતી વિવિધ ઈંધણ સંરક્ષણ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. વધુમાં, ઉર્જા-કાર્યક્ષમ પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે ફ્લીટ ઓપરેટરો, ઔદ્યોગિક ક્ષેત્રો અને એન્જિનિયરિંગ કોલેજો માટે વર્કશોપ અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

GLS FOC દ્વારા Quizzards 2025: વિદ્વત્તા અને જ્ઞાનની સ્પર્ધાનું આયોજન

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૫

GLS – FOC દ્વારા Quizzards ૨૦૨૫ નામની ગતિશીલ અને રોચક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જે વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાન અને બિઝનેસ જ્ઞાનને વધારવાના ઉદ્દેશ્ય સાથે યોજાઈ હતી જેમાં ૪૦ વિદ્યાર્થીઓએ ટીમ તરીકે ભાગ લીધો અને સ્પર્ધામાં પોતાનું મક્કમ સ્થાન પ્રાપ્ત કર્યું. આ ઈવેન્ટ અંતર્ગત બે સ્પર્ધાત્મક ક્વિઝ યોજાઈ: બ્રેઈનવેવ – જનરલ નોલેજ ક્વિઝ અને કોર્પક્વિઝ – બિઝનેસ ક્વિઝ, આ સ્પર્ધાનું મુખ્ય લક્ષ્ય બૌદ્ધિક ઉત્સુકતા અને ટીમવર્કને પ્રોત્સાહિત કરવાનું હતું. બ્રેઈનવેવ ક્વિઝ વિવિધ વિષયો પર આધારિત હતી, જેમાં સામાન્ય જ્ઞાન, હાલની ઘટનાઓ, રાજકારણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, રમતો, સિનેમા, મીડિયા અને સાહિત્ય, અને તર્કશાસ્ત્ર જેવા ક્ષેત્રો આવરી લેવાયા. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે તેમની જ્ઞાનસંપત્તિ અને બુદ્ધિશક્તિ દર્શાવવા માટે એક મંચ મળી રહ્યો હતો. તે જ રીતે, કોર્પક્વિઝ ખાસ કરીને બિઝનેસ રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે રચાઈ હતી, જેમાં બ્રાન્ડિંગ, કોર્પોરેટ ટર્મ્સ, માર્કેટ ટ્રેન્ડ્સ અને બિઝનેસ ઈતિહાસ જેવા વિષયો આવરી લેવાયા, જે કોર્પોરેટ જગત પ્રત્યેની સમજણને મજબૂત બનાવતી હતી. આ સ્પર્ધાને બે રાઉન્ડમાં યોજવામાં આવી હતી – પ્રાથમિક એલિમિનેશન રાઉન્ડ અને ફાઈનલ રાઉન્ડ, જેમાં ઓડિયો ક્લિપ્સ, વિડિઓઝ, પઝલ્સ અને છબીઓ જેવા વિવિધ ઘડિયાળે ધબકતા સ્વરૂપોનો સમાવેશ કરાયો, જેના કારણે સ્પર્ધા વધુ રોચક બની. આ ઈવેન્ટે શીખવાનું, ટીમવર્ક અને જ્ઞાન વહેંચવાનું લક્ષ્ય સફળતાપૂર્વક પ્રાપ્ત કર્યું અને તે તમામ ભાગ લેનારા માટે યાદગાર અને શૈક્ષણિક અનુભવ સાબિત થયું. ઈવેન્ટના વિજેતાઓ ભાર્ગવ પરમાર, તુહિન હાઝરા અને નિશાંત જાની રહ્યા હતા. સમગ્ર ઈવેન્ટનું સફળ આયોજન ડૉ. દેવયાની ચેટર્જી અને ડૉ. હાર્દ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું,

મલ્હાર ઠાકર અને દર્શન જરીવાલા ને મુખ્ય ભૂમિકામાં દર્શાવતી ફિલ્મ ઓલ ધ બેસ્ટ પંડ્યા

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૫

મલ્હાર ઠાકર એક પછી એક હિટ ફિલ્મો આપી રહ્યાં છે. દર્શકોના પસંદીદા અભિનેતા મલ્હારની અન્ય એક ફિલ્મ ૧૪મી માર્ચના રોજ રિલીઝ થવા જઈ રહી છે જેનું નામ છે, "ઓલ ધ બેસ્ટ પંડ્યા." આ ફિલ્મ તેમની હિટ ફિલ્મોની શ્રેણીમાં ઉમેરો કરશે તે તો નક્કી જ છે. જીગર ચૌહાણ પ્રોડક્શનની બુદ્ધિપ્રિયાય પિક્ચર્સ એલએલપીના સહયોગ સાથેની આ ફિલ્મના ડિરેક્ટર્સ રાહુલ ભોલે અને વિનીત કનોજિયા છે કે જેઓ પોતાના પ્રતિભાશાળી કામ માટે જાણીતા છે. આ ફિલ્મ જીગર ચૌહાણ, જીગર પરમાર અને મલ્હાર ઠાકર દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. પેનોરમા સ્ટુડિયોઝ દ્વારા આ ફિલ્મ નેશનવાઈડ રિલીઝ થશે. ઉલ્લેખનીય છે કે પ્રોડ્યુસર જીગર ચૌહાણ અને મલ્હાર ઠાકર આ અગાઉ ઘણી ફિલ્મો સાથે કરી ચૂક્યા છે અને હવે આ ફિલ્મને પણ દર્શકો અગાઉની ફિલ્મોની જેમ ભરપૂર પ્રેમ આપશે તેવો તેમને સંપૂર્ણ વિશ્વાસ છે. મલ્હાર ઠાકર આ ફિલ્મમાં અક્ષય પંડ્યાની ભૂમિકામાં છે અને તેમની સાથે દર્શન જરીવાલા (હસમુખ પંડ્યા), વંદના પાઠક (ઈન્દુ) અને યુક્તિ રાંદેરિયા (ભૂમિ) પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં નજરે પડશે. ફિલ્મની સ્ટોરી લાઈનની વાત કરીએ તો અક્ષય પંડ્યા (મલ્હાર) અને તેમના પિતા હસમુખ પંડ્યા (દર્શન જરીવાલા) વચ્ચેના સબંધો થોડાં જટિલ હોય છે. તેમના જીવનમાં એક અણધાર્યો વળાંક આવે છે. હસમુખ પંડ્યા કે જેઓ એક સિદ્ધાંતવાદી અને ઈમાનદાર વ્યક્તિ છે, તેમના પર લાંચ લેવાનો આરોપ મુકવામાં આવે છે. કાયદાકીય રીતે તેમને ન્યાય મળતો નથી. અક્ષય પોતાના પિતાને ન્યાય અપાવવા માટે કોર્ટમાં જાય છે. કોર્ટરૂમમાં લાગણીઓનો સમન્વય દર્શાવતી આ એક સંપૂર્ણ ડ્રામા ફિલ્મ છે.તા-પુત્રના સંબંધોની જટિલતાઓને શોધે છે,

પ્રિયા ઠાકુરએ ઝી ટીવીના વસુધામાં વ્રતના શૂટિંગ દરમિયાન વાસ્તવિક જીવનમાં પણ ઉપવાસ કર્યો!

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૫

ઝી ટીવીનો શો વસુધા એ તેની રસપ્રદ વાર્તા તથા સાંકળતા પાત્રોથી દર્શકોને જકડી રાખ્યા છે. અને આગામી એપિસોડમાં પણ અલગ નહીં હોય, કારણકે તેમાં એક જોરદાર વ્રતનું સિકવન્સ બતાવવામાં આવ્યું છે, જ્યાં ચંદ્રિકા (નૌશીન અલિ સરદાર) તેના ઉત્તરાયણ વ્રતની સફળતાપૂર્વક પૂરો કરવાની ઉજવણી કરે છે. વસુધા (પ્રિયા ઠાકુર), પણ દેવાંશ (અભિષેક શર્મા) માટે ગુપ્ત રીતે વ્રત કરી રહી છે. જો કે, જ્યારે સાવિત્રીને વસુધાની આ છૂપાયેલી બાબતની ખબર પડે છે, ત્યારે તનાવ વધી જાય છે અને શોમાં એક જોરદાર વણાંક સામે આવે છે. આ ગૂંઢ સિકવન્સ દરેકને જકડી રાખશે, પરંતુ રીલમાં જીવનના એક વણાંક તો છે, પણ વાસ્તવિક જીવનમાં પણ એક વણાંક આવ્યો છે, જે તમારે જાણવું જરૂરી છે! વસુધાનું પાત્ર ભજવતી પ્રિયા ઠાકુરએ ફક્ત સ્ક્રીન પર જ ઉપવાસનો દ્રશ્ય ભજવ્યો છે એવું નથી, પણ શૂટિંગના દિવસે તેને વાસ્તવિક જીવનમાં પણ ઉપવાસ રાખ્યો હતો. દિવસભર તેને ફક્ત ફળ ખાધા હતા, જે પ્રિયાની આધ્યાત્મિકતા પ્રત્યેનું સમર્પણ દર્શાવે છે, જેના લીધે તેનો આગામી સીન વધુ ઉત્કૃષ્ટ બન્યો છે. મોટાભાગના કલાકારો તેના પાત્રમાં સુધારો લાવવા પ્રયત્ન કરી રહ્યા છે, પણ પ્રિયા તેને જીવી રહી છે! તેનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે પ્રોડક્શન ટીમએ સેટ પર જરૂરી સાવચેતીના પગલા પણ લીધા હતા, જેથી ઉપવાસ દરમિયાન તેને જે જરૂરી હોય તે મળી શકે. પ્રિયા ઠાકુર કહે છે, "હું કોઈ સમયમાં નથી માનતી, પણ મને એવું લાગ્યું કે, સમગ્ર બ્રહ્માંડ મને કોઈ સિગ્નલ આપી રહ્યું છે, સામાન્ય રીતે હું દર સોમવારે ઉપવાસ કરું છું અને વ્રતના સિકવન્સનું શૂટિંગ પણ એ જ દિવસે થયું. તો મારી અંગત શ્રદ્ધાને રીલમાં પણ દર્શાવવાનો મોકો મળ્યો. હા, કોઈપણ ઉપવાસમાં થોડું શિસ્ત હોવું જરૂરી હોય છે અને હું હંમેશા ભક્તિ અને શ્રદ્ધાની શક્તિમાં વિશ્વાસ રાખું છું આખી ટીમે પણ આ દરમિયાન ખૂબ જ સહયોગ આપ્યો.

આધ્યાત્મિક ભક્તિ સંધ્યા

'ચલ મન વૃંદાવન' કોન્સર્ટમાં ૧૬મી ફેબ્રુઆરી એ ગિફ્ટ સીટીમાં અચ્યુતા ગોપી પરફોર્મ કરશે

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૫

દિવ્ય સંગીત અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કરવા તૈયાર રહો, કેમ કે વિશ્વવિખ્યાત કીર્તન ગાયક અચ્યુતા ગોપી ગિફ્ટ સિટી, અમદાવાદ ખાતે 'ચાલ મન વૃંદાવન' કોન્સર્ટમાં લાઈવ પ્રદર્શન કરશે. ગ્રિનિન્ગ માર્સ પ્રોડક્શન દ્વારા આયોજિત આ આત્મીય અને ભક્તિમય સંમેલન, ભક્તિ, સંગીત અને કૃષ્ણ પ્રેમનું એક અનન્ય સમારોહ સાબિત થશે.કોન્સર્ટ પહેલાં, અચ્યુતા ગોપી પેલેડિયમ અમદાવાદ ખાતે મીડિયાના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી હતી, જ્યાં તેમણે કૃષ્ણ પ્રત્યેનો પોતાનો ગાઢ પ્રેમ અને ભજનોની શક્તિ વિશે જણાવ્યું, કે જે મનને ઉન્નત બનાવે છે. આ પ્રકારના ઈવેન્ટ્સની મહત્વતા વિશે તેઓએ કહ્યું, "કૃષ્ણ ભક્તિ એ એક જાદુ જેવા છે—શુદ્ધ, પરિવર્તનકારી અને આત્માને સંતોષ આપનારા. જો તમે આ દિવ્ય જાદુનો અનુભવ કરવા માંગતા હો, તો આ કોન્સર્ટમાં આવો અને અનુભવો."અચ્યુતા ગોપી, ન્યૂયોર્કથી પ્રખ્યાત કીર્તન કલાકાર અને ભક્તિગીત ગાયિકા છે, જે પોતાના કૃષ્ણ ભજનોથી સમગ્ર વિશ્વના શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી ચુકી છે. તેમની મધુર સ્વર અને હૃદયસ્પર્શી રચનાઓ વિશ્વભરમાં આધ્યાત્મિક સાધકો અને ભક્તો માટે પ્રેરણાસ્રોત બની છે. પોતાના ભજનો દ્વારા, તેઓ તેમની અટળ ભક્તિ અને દિવ્ય સાથેનો અનોખો જોડાણ દર્શાવે છે.'ચલ મન વૃંદાવન' કોન્સર્ટ ફક્ત સંગીત માટે નથી—આ એક સંવેદનશીલ પહેલ છે, જે દાઉજી મંદિરની વિકાસ પ્રવૃત્તિઓ અને આવશ્યક તબીબી સેવા પૂરું પાડવા માટે એક ચેરિટેબલ હૉસ્પિટલ માટે સહાયરૂપ બનશે. આ ભક્તિમય સમારોહ, લોકો માટે એકસાથે આવી, આધ્યાત્મિક ઉન્નતિનો અનુભવ કરવા અને અર્થપૂર્ણ પ્રયાસોમાં યોગદાન આપવા માટેનો ઉત્તમ અવસર છે.

દરિયાપુરમાં કોર્પોરેશનની દાદાગીરી

વગર નોટીસે ૧૦૦ જેટલા દબાણો અને ઝૂંપડાં પર બુલડોઝર ફેરવ્યું

સનવિલા ન્યુઝ, અમદાવાદ ,તા.૧૫

અમદાવાદમાં જાહેર રસ્તાઓ પર લારીઓ અને ઝૂંપડાંના દબાણો ઠેર-ઠેર જોવા મળે છે. જેના લીધે શહેરના મુખ્યમાર્ગો અને આંતરિક રસ્તાઓ સાંકડી ગલીઓ જેવા બનતા જાય છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે દરિયાપુરના રામલાલના ખાડામાં વર્ષોથી લોકોએ કરેલા દબાણો દૂર કરવામાં આવ્યા છે. એ.એમ.સી. દ્વારા બુલડોઝર ફેરવી ૧૦૦ જેટલા ઝૂંપડાં તોડી પાડવામાં આવ્યા છે. ત્યારે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ લગાવ્યો છે કે કોર્પોરેશન દ્વારા કોઈ નોટીસ અથવા મૌખિક જાણકારી આપી ન હતી. વહેલી સવારથી બુલડોઝર ફેરવી દેતાં તેમની ઘરવખરીને ભારે નુકસાન થયું છે. અમદાવાદના દરિયાપુરમાં ગેરકાયદે દબાણ પર એ.મી.સી દ્વારા બુલડોઝર ફેરવી દીધું છે. દરિયાપુરના રામલાલના ખાડામાં લોકોએ વર્ષોથી ઝૂંપડા બાંધી ગેરકાયદે દબાણોનો અડીંગો જમાવ્યો હતો. જેને તોડી પાડી એ.એમ.સી.એ રસ્તો ખુલ્લો કર્યો હતો. ઝૂંપડાં તોડી પાડતાં સ્થાનિક લોકોમાં રોષની લાગણી જોવા મળી હતી.

રૂ. ૨૦૦૦ કરોડ એકત્ર કરવા

ઈનોવેટિવ્યૂ ઈન્ડિયા લિમિટેડે આઈપીઓ દ્વારા સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૫

સમગ્ર ભારતમાં પરીક્ષાઓ, ચૂંટણીઓ અને મોટાપાયે યોજાતી ઈવેન્ટ્સ માટે ઓટોમેટેડ આનુષંગિક સુરક્ષા અને દેખરેખ ઉકેલો પ્રદાન કરતી ટેક્નોલોજી આધારિત કંપની ઈનોવેટિવ્યૂ ઈન્ડિયા લિમિટેડએ બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે.કંપની ઈક્વિટી શેર્સના પ્રારંભિક જાહેર ભરણા (પ્રતિશેરૂ રૂ. ૫ મૂળ કિંમત) તથા રૂ. ૨૦,૦૦૦.૦૦ મિલિયન (રૂ. ૨૦૦૦ કરોડ) (કુલ ઓફર સાઈઝ) દ્વારા ભંડોળ એકત્રિત કરવાની યોજના ધરાવે છે.ઈનોવેટિવ્યૂ ઈન્ડિયા લિમિટેડ ભારતમાં એકીકૃત પરીક્ષા સુરક્ષા ઉકેલો સૌથી મોટી કંપની છે, જેનો બજાર હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૪માં આવકની દ્રષ્ટિએ ૭૩.૭ ટકા છે. પરીક્ષા સુરક્ષા અને દેખરેખ ઉદ્યોગમાં નાણાકીય વર્ષ ૨૦૨૪માં તેનો બજાર હિસ્સો વાર્ષિક ધોરણે ૬૯.૦૭ ટકા વધ્યો છે.રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર થનારા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ (બીએસઈ) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનએસઈ) ઉપર લિસ્ટ થવાની દરખાસ્ત છે. ડેમ કેપિટલ એડવાઈઝર્સ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ લિમિટેડ, જેએમ ફાઈનાન્સિયલ લિમિટેડ, મોતિલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ અને શેનોન એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા

પરિવર્તન- મેગા યુવા મહોત્સવ હેઠળ ગુજરાતના યુવાનોને ડ્રગમુક્ત કરવા અભિયાન ચલાવાશે

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૫

વિશ્વ ગુરુ શ્રીલ પ્રભુપાદ મહારાજજીના શુભાશીષથી હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમદાવાદના હરેકૃષ્ણ મંદિર ખાતે મેગા યુવા મહોત્સવ "પરિવર્તન"નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિવિધ સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સામાજિક પહેલ દ્વારા સમગ્ર રાજ્યના યુવાનોને પ્રેરણા આપવા, જોડવા અને સશક્ત બનાવવા માટે એક જીવંત પ્લેટફોર્મ બનાવવાનો છે. આ કાર્યક્રમમાં રાજ્ય અને તેની બહારના ૧,૦૦૦થી વધુ યુવાનો ઉત્સાહપૂર્વક જોડાશે એવો એક અંદાજ છે. મંદિરની વેબસાઈટ. harekrishnmandir.org ઉપર " પરિવર્તન"- મેગા યુવા મહોત્સવની માહિતી મળી રહેશે. "પરિવર્તન"- મેગા યુવા મહોત્સવ કાર્યક્રમની વિગતો આપતાં હરેકૃષ્ણ મંદિર ભાડજ યુવા સંગઠનના હેડ શ્રી રાસપરાયણ પ્રભુએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં યુવાઓ આત્મહત્યા, મોબાઈલ એડીક્શન, વિવિધ વ્યસનો, માનસિક તણાવ, સામાજિક સંબંધોમાં આવતી સમસ્યાઓ, સાયબર સિક્યુરીટી ચેલેન્જ, જેવા વિવિધ પ્રશ્નોથી ઘેરાયેલા રહે છે. યુવાઓને સતાવતી વિવિધ સમસ્યાઓમાંથી બહાર લાવવા હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા મેગા યુવા મહોત્સવ "પરિવર્તન"નું આયોજન કરવામાં આવ્યું છે. "પરિવર્તન"- મેગા યુવા મહોત્સવના માધ્યમ દ્વારા યુવાઓના દિલમા ધાર્મિક, સાંસ્કૃતિક સંસ્કારોના સિંચનથી પરિવર્તન લાવવાનો પ્રયત્ન સંસ્થા દ્વારા કરવામાં આવશે.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે જેમ જેમ આપણે જોઈ રહ્યા છીએ કે ડ્રગ દેશના યુવાનોને કેવી રીતે નષ્ટ કરી રહ્યું છે, તેમ પરિવર્તન એ ડ્રગ વ્યસન સામેની લડાઈ છે અને આમ પરિવર્તનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં નવીનતા, સર્જનાત્મકતા અને નેતૃત્વની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે, સાથે સાથે ગુજરાતની સાંસ્કૃતિક અને સામાજિક જોડાણ માટે ગતિશીલ ધરોહર તરીકે પ્રોત્સાહન આપવાનો છે. આ મોટી સમસ્યા સામે લડવાની જવાબદારી સમગ્ર સમાજની છે. ડ્રગ વ્યસન સામેની આ લડાઈમાં આ કાર્યક્રમ એક મહાન સીમાચિહ્નરૂપ બનશે. હરેકૃષ્ણ મંદિર ભાડજના પ્રવક્તા શ્રી શ્યામચરણ પ્રભુએ જણાવ્યું હતું કે "પરિવર્તન"- મેગા યુવા મહોત્સવ કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ એવા યુવાઓને સાંકળી લેવામાં આવશે કે જેઓ નિર્દોષ છે, જેઓ સમાજની બદીઓથી દૂર છે, તેઓ વ્યસનોથી કાયમ માટે દૂર રહે.

ગર્ભવતી થતાં ભાંડો ફૂટ્યો

ફરિયાદ: સગીરાને લગ્નની લાલચ આપી બે વાર દુષ્કર્મ

સનવિલા ન્યુઝ, અમદાવાદ ,તા.૧૫

નવા વાડજ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી યુવકે બે વાર દુષ્કર્મ ગુજાર્યું હતું. થોડા સમય બાદ સગીરાને પેટમાં દુખાવો થતાં દવાખાને લઈ જવામાં આવી હતી ત્યારે તે ગર્ભવતી હોવાનું સામે આવતા મામલો બહાર આવ્યા બાદ સગીરાના પિતાએ વાડજ પોલીસ સ્ટેશનમાં યુવક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ નવા વાડજ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીરાને સાતેક મહિના પહેલાં સુમિત દંતાણી સાથે મિત્રતા થઈ હતી. ત્યાર બાદ સુમિત તેને લગ્ન કરવાની લાલચ આપી હરવાફરવા લઈ જતો હતો. થોડા સમય પહેલાં સુમિતે સગીરાને ચાણક્યપુરી તળાવ પાસે લઈ જઈ લગ્નની લાલચ આપી તેણી સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યાર બાદ ફરી એક વાર લગ્નની લાલચ આપી સુમિતે તેની સાથે દુષ્કર્મ ગુજારી, આ વાતની જાણ કોઈને કરતી નહીં આપણે લગ્ન કરી લઈશું તેમ કહ્યું હતું. ત્યાર બાદ સગીરાને પેટમાં દુખાવો થતાં પરિવાર તેને હોસ્પિટલ લઈ ગયો હતો. આ દરમિયાન સગીરા ગર્ભવતી હોવાનું જાણવા મળ્યું હતું. આથી પરિવારે પૂછપરછ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. હાલ સગીરાના પિતાએ વાડજ પોલીસ સ્ટેશનમાં સુમિત દંતાણી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ગુજરાત ટાઈટન્સ અને પોકેમોનએ ભાગીદારીમાં

અમદાવાદમાં જુનિયર ટાઈટન્સની બીજી સિઝનનું સફળતાપૂર્વક આયોજન કર્યું

સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૫

ગુજરાત ટાઈટન્સે અમદાવાદમાં 'જુનિયર ટાઈટન્સ સિઝન ટુ'ના ફાઈનલ મેચની સફળતાપૂર્વક ઉજવણી કરી, આ ઉજવણી વિશ્વની લોકપ્રિય બ્રાન્ડ પોકેમોન સાથે તેના પ્રથમ જોડાણ માટે પણ હતી. 'લેટ્સ સ્પોર્ટ આઉટ' થીમ સાથે સક્ષ આ ઝુંબેશનો હેતુ ૧૪ વર્ષથી ઓછી વયજૂથના બાળકોમાં આઉટડોર સ્પોર્ટ્સ માટે પ્રેમ અને ઉત્સુકતા જાગૃત કરવાનો હતો. સિઝન ટુની ફાઈનલ મેચ અમદાવાદનાં સેન્ટ ઝેવિયર્સ હાઈ સ્કૂલ લોયલા હોલ ખાતે યોજાઈ હતી. આ ઈનોવેટિવ ઝુંબેશનું આયોજન ગુજરાતના પાંચ શહેરો જૂનાગઢ, ભાવનગર, ભરૂચ, પાલનપુર અને આજે અમદાવાદમાં થયુ હતું. જેમાં ૧૦૬ શાળાઓમાંથી ૫૦૦૦ વિદ્યાર્થીઓની હાજરી સાથે પાંચ શહેરોમાંથી મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યા હતા.ગુજરાત ટાઈટન્સ દ્વારા શરૂ આ યુનિક ઝુંબેશ બાળકોને આઉટડોર એક્ટિવિટીમાં ભાગ લેવા પ્રોત્સાહન પૂરુ પાડે છે. તેમજ નાનપણથી જ આઉટડોર સ્પોર્ટ્સ માટે તેમના જુસ્સાને વેગ આપતાં સ્પોર્ટ્સ કલ્ચર સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. આ સિઝનની મુખ્ય વિશેષતા પોકેમોન સાથે ભાગીદારી હતી. જોડાણના ભાગરૂપે બાળકોને તેમના પ્રિય પોકેમોન, પિકાચુને મળવાની અને રોમાંચક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક આપી હતી. જેમાં પ્રોત્સાહક ઈનામો હાંસલ કરવાની તક પણ હતી. પાલનપુર અને અમદાવાદમાં બાળકોને પોકેમોન ગુડી બેગ અને સ્ટીકર્સ વહેંચ્યા હતા. આ ભાગીદારી ગુજરાત ટાઈટન્સની ક્રિકેટ સીઝનનું વિસ્તરણ કરશે, જેમાં પસંદ કરાયેલા બાળકોને પોકેમોન સાથે લાઈવ મેચ ડેનો અનુભવ કરવાની મંજૂરી મળશે. ગુજરાત ટાઈટન્સના ચાહકોને આગામી ક્રિકેટ સીઝન દરમિયાન લોન્ચ થનારા ડિજિટલ ઈન્ટિગ્રેશન સેટ દ્વારા ટીમના હોમ સ્ટેડિયમ - નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ફેન ઝોનમાં પીકાચુ સાથે વાર્તાલાપ કરવાની તક પણ મળશે.ગુજરાત ટાઈટન્સના સીઓઓ કર્નલ અરવિન્દર સિંહે જણાવ્યું હતું કે, "અમે આ વર્ષે જુનિયર ટાઈટન્સને બહોળો પ્રતિસાદ મળવા બદલ આનંદિત છીએ. અમદાવાદમાં આજે બીજી સિઝનનું સફળ સમાપન થયુ હતું.

૧૭ દિવસમાં ૧૧૦૦ કિ.મી. દોડી મહાકુંભ પહોંચ્યો 'અગ્નિવીર' રૂપેશ

એજન્સી, સુપૌલ ,તા.૧૫

બિહારના સુપૌલ જિલ્લાના પિપરા બ્લોકના રામનગર કૌશલપટ્ટીના રહેવાસી યુવા દોડવીર રૂપેશે તેના સાહસથી કમાલ કરી બતાવી. રૂપેશે ૧૧૦૦ કિલોમીટરનું અંતર દોડીને પૂરું કર્યું. તેમની યાત્રામાં તેમણે સહરસાથી પ્રયાગરાજ સુધીની મુસાફરી કરી. ૨૩ જાન્યુઆરીએ શરૂ થયેલી આ યાત્રા ૮ ફેબ્રુઆરીએ સંગમ સ્નાન સાથે પૂરી થઈ હતી. જો કે, તે માત્ર ધાર્મિક યાત્રા ન હતી, પરંતુ આત્મવિશ્વાસ, સંઘર્ષ અને ભક્તિનું ઉદાહરણ બની હતી. રૂપેશ દરરોજ લગભગ ૧૦ કલાક દોડતો હતો. આ સફરમાં તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, પરંતુ રૂપેશે હાર ન માની અને પોતાના મુકામ પર પહોંચીને જ રહ્યો.જ્યારે રૂપેશે મુસાફરી શરૂ કરી ત્યારે રસ્તામાં તેનો મોબાઈલ અને પર્સ ચોરાઈ ગયા હતા, જેના કારણે તેની મુસાફરી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. આ છતાં, તેણે હાર ન માની અને સ્થાનિક લોકોની મદદથી તેની યાત્રા ચાલુ રાખી. માત્ર ૩૦૦ રૂપિયાથી શરૂ થયેલી આ સફર તેણે લોકોની મદદ લઈને પૂરી કરી. શરૂઆતમાં તેમના બે મિત્રો પણ રૂપેશની સાથે હતા, પરંતુ બક્સિયારપુર પહોંચતા પહેલા જ તેઓ થાકી ગયા અને પાછા ફર્યા હતા. આ પછી રૂપેશે એકલાએ ૧૧૦૦ કિલોમીટરનું અંતર કાપ્યુ હતુ.રૂપેશના પિતા રામપ્રવેશ યાદવે જણાવ્યું કે, 'યાત્રાની શરૂઆતમાં લોકોએ તેમના પુત્રની મજાક ઉડાવી હતી. ઘણા લોકો તેને પૈસા કમાવવાનું સાધન પણ માનતા હતા, પરંતુ જ્યારે લોકોએ તેની મજબૂત ઈચ્છાશક્તિ અને સમર્પણ જોયું તો તેમની વિચારસરણી બદલાઈ ગઈ.

જીટીયુના કુલપતિનું